સશિપ/ફેબ્રુ૦૩/૨૦૦

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

# સત્સંગ પ્રાજ્ઞ : દ્વિતીય ખંડ

## પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૨ ]** **રવિવાર, ૧૬ ફેબ્રુઆરી, ૨૦૦૩** **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(‘વચનામૃત’ના આધારે)**

**પ્ર.૧. (અ) નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈપણ ત્રણ વિષે મુદ્દાસર નોંધ લખો.** **૧૮**

૧. વાસુદેવમાહાત્મ્યમાં એકાંતિક ભક્તના ધર્મ અને સંત મહિમા - ગ. મ. ૨૨.
૨. કૂતરાના દૃષ્ટાંતે જીવનું અસત્પુરુષપણું.
૩. શ્રીજીમહારાજની સ્વાભાવિક પ્રકૃતિ : ગ. મ. ૧૩ ને આધારે.
૪. ‘સત્તારૂપે રહેવું તેથી પણ ભગવાન ને ભગવાનના ભક્ત ભેળે દેહ ધરીને રહેવું એ શ્રેષ્ઠ છે.’
૫. બ્રહ્મચર્ય દૃઢ કરવાનો ઉપાય - ગ.મ. ૩૩.

**(બ) નીચેનાં વાક્યોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો.** **૧૫**

૧. અને જેનો સંગ ............................ તત્કાળ ત્યાગ કરવો.
૨. અને ભગવાનના ભક્તની ...................... તે તો ભક્તિરૂપ છે.
૩. અને આવી વાત સાંભળીને .................... કોઈ મોટું સાધન નથી.
૪. અને ભગવાનના જે ............... ભગવાનના યશને જ સાંભળે.
૫. અને ભગવાનના સંતની ....................... જીવ કૃતાર્થ થઈ જાય છે.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાસક્રમના વચનામૃતના આધારે ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** **૪**

(૧) સેવાની ફલશ્રુતિ (૨) સાચો ત્યાગ

**(‘સ્વામીની વાતો’ના આધારે)**

**પ્ર.૨. (અ) નીચેના દરેક પ્રશ્નના એક એક વાક્યમાં જવાબ આપો.** **૬**

૧. ગોપાળાનંદ સ્વામીને માથે પાણા શા કારણે નાખ્યા ?
૨. મુમુક્ષુને બ્રહ્મરૂપ થયાનો ઉપાય.
૩. બાઈ-ભાઈ શા કારણે નોખાં રહે છે ?





૪. અંતરમાં ટાઢું ક્યારે થાય ?
૫. મહારાજનો રાજીપો પ્રથમ શેમાં હતો ?
૬. અંતર્દષ્ટિવાળાને પણ શાનું વિઘ્ન આવે ?

**(બ) નીચેનાં વાક્યોમાં કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને પૂર્તિ કરો.** **૭**

૧. ગમે તેવો પાણીનો તરવૈયો હોય તેને પણ .............................. બુડાડી દે છે. (વિષય, સંગ, ભમરી)
૨. બીજે કલ્યાણ કર્યાં છે, પણ ..................... ટાળીને કર્યાં નથી. (મોહ, કારણશરીર, માયા)
૩. ...................... સ્વામીને પ્રકૃતિ પુરુષના કાર્યમાં વૃત્તિ રહી જ નહીં. (કૃપાનંદ, સચ્ચિદાનંદ, સર્વનિવાસાનંદ)
૪. ધ્યાનમાં દેહને હલવા ન દેવું એટલે ................... દેહ જિતાણું જાણવું. (કારણ, સૂક્ષ્મ, સ્થૂળ)
૫. આ ................. નું સ્વરૂપ પણ સમજવું, ને ભગવાનની આજ્ઞા પાળવી. (સંત, ભગવાન, પુરુષોત્તમ)
૬. અમે તો વાતરૂપી સાંગડીએ કરીને દાર દઈએ છીએ ને ભગવાનના ................. રૂપી દારૂ ભરીએ છીએ. (મહિમા, નિશ્ચય, વાત)
૭. જેણે .............. કર્યા હોય તે તો ગુડિયું વાળે જ નહીં. (સારા કામ, ગુરુ, સદ્‌ગુરુ)

**(ક) અભ્યાસક્રમની સ્વામીની વાતોના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો.** **૧૦**

૧. જ્ઞાન પ્રાપ્તિની આવશ્યકતા.
૨. મનુષ્યભાવથી જીવને ખોટ.
૩. જગતના પંચવિષયનો જીવને ગેરલાભ.

**(‘ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૧ તથા ભાગ - ૨’ નવી આવૃત્તિને આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** **૨૦**

૧. ભક્તના રખેવાળ - શ્રીહરિ
૨. નીલકંઠનું અસાધારણ વ્યક્તિત્વ - સ્વમુખે.
૩. કચ્છમાં શ્રીહરિનો પ્રભાવ.

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો** **૨૦**

૧. ‘જય સદ્‌ગુરુ સ્વામી...’ આરતીનો જન્મ.
૨. રામાનંદ સ્વામી અને શ્રીહરિ.
૩. હરબાઈ-વાલબાઈ ને વિમુખ ઠરાવ્યાં.
૪. ફણેણીની ધર્મસભા.